સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ભાવથી જપો કે કુભાવથી જપો રામનામ તેનો પ્રભાવ અવશ્ય બતાવશે

**આચમન** — બિપિન પટેલ

શ્રી રામરક્ષા સ્તોત્રનો એક શ્લોક છે;
ભર્જનં ભવબીજાનામ્ અર્જનં સુખ સંપદામ્ ।
તર્જનં યમદૂતાનામ્ રામ રામેતિ ગર્જનમ્ ॥

આ શ્લોક શ્રીરામનામના પ્રભાવનું વર્ણન કરે છે. શ્રીરામનામનો ભર્જનમ્, અર્જનમ્ અને તર્જનમ્ એમ ત્રણ પ્રકારનો પ્રભાવ અહીં જોવા મળે છે. ભર્જનમ્- અર્થાત્ શ્રીરામનામના પ્રભાવથી ભવબીજ બળીને નાશ પામે છે. પરિણામે જીવને સંસારબંધન અને જન્મમરણ રૂપી આવાગમનના ચક્રમાંથી મુક્તિ મળે છે. અર્જનમ્- અર્થાત્ શ્રીરામનામના પ્રભાવથી જીવને સુખ-સમૃદ્ધિ અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે અને તર્જનમ્- અર્થાત્ રામનામના ઉચ્ચાર માત્રથી યમદૂતો પણ ડરીને ભાગી જાય છે અને જીવની અંતિમ ક્ષણ સુધરી જાય છે; તેનું જીવન સાર્થક થાય છે. એવો અદ્ભુત છે શ્રીરામનામનો પ્રભાવ! જરા વિચારો! કેવો છે અમૃતનો પ્રભાવ!? જો કોઈ તેને છળકપટથી પીવડાવે, બળજબરીપૂર્વક પીવડાવે કે કોઈ સ્વયં તેને પ્રેમથી પી જાય; અમૃત અમર કરવાનું જ કામ કરશે! વિષ કોઈ છળકપટથી પીવડાવે, બળજબરીપૂર્વક પીવડાવે કે પછી કોઈ સ્વયં તેને પી જાય; વિષ એક જ કામ કરશે - મારવાનું! વિષનો પ્રભાવ છે મારવું અને શ્રીરામનામનો પ્રભાવ છે તારવું! રામનામ તો બસ એક જ કામ કરે છે - તારવાનું! માનસકાર તુલસીદાસજી કહે છે- ભાવથી કે કુભાવથી; શ્રદ્ધાથી કે અશ્રદ્ધાથી, પ્રેમથી કે ઘૃણાથી, ક્રોધથી કે આળસથી - ગમે તે રીતે... બસ! રામનામ જપતા રહો તે અવશ્ય કલ્યાણ કરશે કારણ કે નામ જપનારનું કલ્યાણ કરવું એ જ તો તેનો



> જે પ્રકારે બીજ જમીનમાં ઊલટું પડે કે સીધું પડે, સમય થતાં તેમાંથી અંકુર ફૂટશે અને પાક પણ થશે

પ્રભાવ છે. તુલસીદાસજી કહે છે;
'તુલસી જાકે મુખસે ધોખેસે હું
નિકસત રામ।
તાકે પગકી પગતરી, મેરે તનકો
ચામ ॥'

તેઓ કહે છે કે કોઈના મુખમાંથી ભૂલથી પણ જો રામનામ નીકળી જાય તો મારા શરીરના ચામડામાંથી તેનાં પગરખાં બનાવું તો પણ તે ઓછું છે! જરા વિચારશું તો સમજાશે કે જે વ્યક્તિ પોતે અબજોની સંખ્યામાં રામનામ જપી ચૂકી હોય તે જ્યારે આવું કહે ત્યારે સમજાય કે રામનામનો પ્રભાવ કેવો હશે!? તુલસીદાસજી એક બીજી સરસ વાત કહે છે કે - જે પ્રકારે બીજ જમીનમાં ઊલટું પડે કે સીધું પડે, સમય થતાં તેમાંથી અંકુર ફૂટશે અને પાક પણ થશે. એ જ પ્રકારે રામનામ ચાહે ઊલટું જપો કે સીધું, આનંદથી જપો કે દુઃખથી જપો, તે તેનો પ્રભાવ બતાવશે જ. એમાં કોઈ સંશય નથી. આદિ કવિ વાલ્મીકિજીનું ઉદાહરણ તો જગપ્રસિદ્ધ છે. એક ખૂંખાર લૂંટારો (રત્નાકર) ઊલટું નામ જપીને... મ-રા... મ-રા... જપીને મહર્ષિ વાલ્મીકિ બની ગયો. અને ધ્રુવજી? વિમાતાના કઠોર શબ્દો અને અપમાનથી દુઃખી થઈને તેણે ભગવદનામનો જપ કર્યો - 'ધ્રુવ સગલાનિ જપેઉ હરિ નાઉં'- દુઃખી હૃદયે ગ્લાનિપૂર્વક હરિનામ જપીને તેણે અક્ષય ધ્રુવલોકની પ્રાપ્તિ કરી. એક વાત નક્કી છે કે આનંદથી જપો કે દુઃખથી જપો...

ભગવદનામ-રામનામ તેનો પ્રભાવ કદી છોડતું નથી; તેનો પ્રભાવ બતાવશે જ અને નામજાપકનું કલ્યાણ કરશે જ. બસ! આપણે પણ એ જ વિશ્વાસપૂર્વક રામનામ લેતા રહીએ.

# શ્રીજીની વિશિષ્ટ પ્રતિમાઓ અને તેનો ઈતિહાસ

**અજવાળાં** — દુર્ગેશ ઉપાધ્યાય

ભારતીય પરંપરામાં પ્રાચીન કાળથી ગણેશને વિઘ્નહર્તા અને મંગલકારી દેવ તરીકે પૂજવામાં આવે છે. ગણેશ એ વૈદિક દેવતા છે. બૃહસ્પતિ સૂક્ત જે ઋગ્વેદ સંહિતામાં આઠ સૂક્તો છે, તે ગણપતિના છે. દેવ પંચાયતનમાં શ્રી ગણેશનું સ્થાન પ્રથમ અને મહત્ત્વનું છે. બધા દેવોની પૂજા પહેલાં એની પૂજા થાય છે. ગણપતિનો ઉલ્લેખ યજુર્વેદમાં પણ મળે છે. એવા ગણેશજીની અવનવી વિશિષ્ટ પ્રતિમાઓ ભારતભરમાં અને ગુજરાતમાં પણ જોવા મળે છે. દેશમાં સૌથી પ્રાચીન ગણેશની મૂર્તિ આંધ્ર પ્રદેશના અમરાવતી ગામમાં મળી આવી હતી. દક્ષિણ ભારતના જાણીતા સંશોધક કુમાર સ્વામીએ તે મૂર્તિ બીજા સૈકાની હોવાનું જણાવ્યું છે.

ભારતની પ્રાચીન ગુફાઓમાં પણ ગણેશ મૂર્તિઓ છે. મહારાષ્ટ્રના ઈલોરા અને મધ્ય પ્રદેશના ભૈરવકોંડાની ગુફાઓમાં ઈ.સ. 8 થી 9મા સૈકાની ગણેશજીની મૂર્તિઓ છે. એ જ સમયગાળાની એક મૂર્તિ કર્ણાટકની બદામી ભાગની ગુફામાં મળી આવી છે, જે નૃત્ય કરતા ગણેશની છે.

દક્ષિણ ભારતમાં શાસ્ત્રીય નૃત્યોનું ચલણ વધુ હોવાથી ત્યાંનાં ઘણાં મંદિરોનાં શિલ્પ, સ્થાપત્યોમાં ગણેશજીની મૂર્તિઓ વિવિધ નૃત્ય મુદ્રાની જોવા મળે છે. ગુજરાતમાં પણ નૃત્ય કરતા શ્રીગણેશની ઊભેલી પ્રતિમા શ્વેત આરસમાં કંડારેલી અમદાવાદના ભો. જે. વિદ્યાભવનના સંગ્રહમાં મુકાયેલી છે. આ પ્રતિમા ૬૦ વર્ષ અગાઉ કોચરબ વિસ્તારમાં ખોદકામ કરતાં મળી આવી હતી. ગણેશની આ મૂર્તિ ભુજંગાસનમાં ઊભેલા નૃત્યની મુદ્રામાં છે. જે સોલંકી કાળની હોવાનું મનાય છે. આવી ચતુર્ભુજ નૃત્ય મુદ્રાની ગણેશ પ્રતિમા ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળે છે. એ પ્રમાણે ગુજરાતમાં એકમાત્ર અને ભારતમાં પણ અન્યત્ર નહીં હોય એવી પાર્વતીજીને સ્તનપાન કરતા ગણેશજીની મૂર્તિ દાહોદ તાલુકાના ઓરખલા ગામના શિવ મંદિરમાં ભગ્ન હાલતમાં છે. આ મૂર્તિમાં ગણેશજી માતાને સૂંઢથી સ્તનપાન કરતા જણાય છે. જે લગભગ ૧૧મા સૈકાની છે. આ ઉપરાંત પંચમહાલના લાવણા ગામ નજીક



> નૃત્ય કરતાં અને સ્તનપાન કરાવતાં ગણેશની અલભ્ય અદ્ભુત પ્રતિમાઓ

કલેશ્વરી પરિસરમાં પણ સ્તનપાન કરતાં ગણેશજી જોવા મળે છે. ગણેશની વિવિધ પ્રતિમાઓમાં ઊભેલી, બેઠેલી, ક્યારેક શિવ પાર્વતી વચ્ચે, ક્યારેક પાર્વતીજીના ખોળામાં બેઠેલા તો પાર્વતીજીની એક બાજુ ગણેશ અને બીજી બાજુ કાર્તિકેય એવી મૂર્તિઓ ગુજરાતનાં વિવિધ સ્થળોએ જોવા મળે છે. ભો.જે. વિદ્યાભવન અમદાવાદના સંગ્રહમાં એક ગણેશ પ્રતિમા રેતિયા પથ્થરની છે. મસ્તકવિહીન આ મૂર્તિ લગભગ ૧૧મી સદીની મનાય છે. તેની વિશેષતા એ છે કે, ગણેશજી એક હાથમાં મોદક લઈ બેઠા છે અને સૂંઢ તે મોદક પર ટેકવી છે એટલે લાડુ જમતાં ગણેશની પ્રતિમા છે. રેતિયા પથ્થરની ગણેશ પ્રતિમા ઐઠોર (ઊંઝા) ખાતે પણ છે. ગણેશજીની પ્રાચીન અને નૃત્ય મુદ્રાની અન્ય પ્રતિમા આબુના દેલવાડાના મંદિરમાં, પ્રાચીન સોમનાથ, સૂત્રપાડાના મંદિરમાં તેમ જ દ્વારકાના મંદિરમાં જોવા મળી છે. દક્ષિણ ભારતમાં ગણપતિની બે પ્રકારની મૂર્તિ જોવા મળે છે. જેમાં લાંબી સૂંઢ જમણી બાજુ વળેલી હોય એવી, જેને 'વલ્લભપુરી' ગણેશ કહે છે, જ્યારે ડાબી બાજુ સૂંઢ વાળેલી હોય એવા ગણેશને 'ઈદામપુરી' કહે છે. જમણી સૂંઢના ગણેશ વધુ ફાયદાકારક મનાય છે.

મધ્ય પ્રદેશના જબલપુર પાસેના ગૌરીશંકર મંદિરમાં બિરાજમાન ગણપતિ પર સ્ત્રીના અલંકારો ચઢાવાય છે કારણ કે ગૌરી અને શંકર એમ સ્ત્રી-પુરુષ બંનેનો સમન્વય આ મૂર્તિ ધરાવે છે. સ્ત્રી રૂપમાં ભાગ્યે જ જોવા મળતી ગણેશની આ મૂર્તિ પુષ્ટ વક્ષસ્થળ અને પુષ્ટ નિતંબ ધરાવે છે. આવી જ બે મૂર્તિઓ તામિલનાડુના સૂચિદરમ્ દેવાલયમાં આવેલી છે, જેના નામ પણ સ્ત્રીલિંગી છે, ગણેશ્વરી અને વિઘ્નેશ્વરી.

ભારતમાં ગણેશની સ્વતંત્ર પ્રતિમા ઈસુના ચોથા સૈકાથી અસ્તિત્વમાં આવી હોવાનો પુરાવો ગુજરાતના આનર્ત પંથમાંથી મળે છે. જેમ કે શામળાજીમાંથી ચોથા શતકની ગુપ્ત તથા ગંધાર શૈલીની દ્વિભુજ ગણેશ પ્રતિમા મળેલી છે. (બુલેટિન ઓફ ધ બરોડા મ્યુઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી, ૧૯૬૦ પૃ.-૧૧૯). ઉપરાંત સાબરકાંઠા (હાલનો અરવલ્લી જિલ્લો) માં આવેલ પોળોનાં જંગલોના શિવ મંદિરોમાં લાખેણાનાં દેરાંમાં રેતિયા પથ્થરની ૧૧મી સદીની લાડુ જમતાં ગણેશની મૂર્તિ જોવા મળે છે. જ્યારે ભરૂચ જિલ્લાના કાપી પ્રદેશમાંના ગવાલ ગામેથી ઈ.સ.ના ૬ઠ્ઠા થી ૭મા સૈકાની ગણેશ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે. તે જ રીતે કુંભારિયાનાં જૈન મંદિરમાં સાતમા શતકની ચતુર્ભુજ શક્તિ ગણેશની પ્રતિમા આવેલી છે.

ઈ.સ. આઠમા શતકની ગણેશ પ્રતિમા રોડાથી પ્રાપ્ત થયેલી તે વડોદરાના સંગ્રહાલયમાં રાખવામાં આવેલી છે.

ગુજરાતનું મૂર્તિ વિધાન (૧૯૬૩) પુસ્તકમાં ડૉ. ભંડારકરે ઈ.સ. ના ચોથા સૈકા પછી ગણેશપૂજાનો પ્રચાર ભારતમાં થયો હોવાનું નોંધ્યું છે. મહારાષ્ટ્રમાં 28 જાગૃત ગણપતિનાં સ્થાનકો છે, એમાં ૮ સ્થાનો અષ્ટવિનાયક તરીકે પ્રચલિત છે. જેના દર્શનનો ભક્તોમાં ભારે મહિમા છે.

## સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા. ૧૪ થી તા. ૨૦ સપ્ટેમબર ૨૦૨૬**

### તા. ૧૪ સોમવાર

ભાદરવા સુદ ત્રીજ-:શ્રી ગણેશ ચતુર્થી,કેવડાત્રીજ, હરતાલિકાગૌરીત્રીજ, વિનાયક ચતુર્થી, દત્તાવતાર શ્રીપાદ વલ્લભજયંતી-પીઠાપુરમ, હિન્દી દિન.

### તા. ૧૫ મંગળવાર

ભાદરવા સુદ ચોથ-: ઋષિ પંચમી, સામાપાંચમ, સમર્થ શ્રી ગજાનન મહારાજ મહા સમાધિ દિન. જૈન સંવત્સરી-ચતુર્થી પક્ષ.

### તા. ૧૬ બુધવાર

ભાદરવા સુદ પાંચમ, જૈન સંવત્સરી પંચમી પક્ષ, દિગમ્બર જૈન, પર્યુષણ મહાપર્વ પ્રા.

### તા. ૧૭ ગુરુવાર

ભાદરવા સુદ છઠ-: ગૌરી સ્થાપન, સૂર્ય છઠ, બલરામ જયંતી, કાર્તિક સ્વામી દર્શન વિશ્વકર્મા પૂજન.

### તા. ૧૮ શુક્રવાર

ભાદરવા સુદ સાતમ-: મહાલક્ષ્મી વ્રત પ્રારંભ, જ્યેષ્ઠા ગૌરી પૂજન.

### તા. ૧૯ શનિવાર

ભાદરવા સુદ આઠમ-: દુર્ગાષ્ટમી,રાધા-ધરો આઠમ, ગૌરીવિસર્જન, મહર્ષિ દધિચી જયંતી.

### તા. ૨૦ રવિવાર,

ભાદરવા સુદ નોમ-: અદુઃખ નોમ, શ્રીચંદ નવમી, શ્રીહરિ જયંતી, ભાગવત સપ્તાહ પ્રા. રામદેવપીર નવરાત્ર સ.